રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૨૬ કેસ

૨૪ કલાકમાં ૧૧૨૮ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૪૭૯૫૩૬ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૩૯૨૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં ફરી એક વખત કોરોનાનાં કેસો ૧૦૦૦ની નીચે જઈને ફરી ૧૧૦૦ ને પાર થયાં છે. આજે રાજ્યમાં ૧૧૨૬ નવા દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૧૨૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૩,૯૨૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૮૮.૯૩ ટકા થઈ ચુક્યો છે.

રાજ્યમાં ટેસ્ટની સંખ્યા છેલ્લા કેટલાક દિવસોમાં ૫૧હજારથી ૫૫ હજાર સુધીની વચ્ચે રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૯૧૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૪.૦૮ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૪,૭૯,૫૩૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૦,૫૫૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૦,૨૯૩ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૬૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૮.૯૩ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪,૨૬૭ એક્ટિવ કેસ છે.

વેન્ટિલેટર પર ૭૬ લોકો છે. જ્યારે ૧૪,૧૯૧ લોકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૫૪ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૮ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૨, સુરત કોર્પોરેશનમાં ૨, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧, મહેસાણામાં ૧, રાજકોટમાં ૧,વડોદરા કોર્પોરેશનમાં ૧ લોકોના કોરોનાનાં કારણે મૃત્યુ થયાં છે. આ રીતે ગુજરાતમાં કાલે કોરોનાનાં કારણે ૮ લોકોનાં મોત નિપજ્યાં છે.

પ્રાંતિજમાં કોરોનાના ગ્રહણ વચ્ચે નવલી નવરાત્રી ફીકી

સરકારી ગાઈડ લાઈન મુજબ વિવિધ વિસ્તારોમાં નવરાત્રીની ઉજવણી : ત્રીજા નોરતે ગરબારસિકોએ માસ્ક સોશીયલ ડીસન્ટન સાથે ગરબાની રમઝટ બોલાવી

પ્રાંતિજ તા.૨૦

ચાલુ વર્ષે કોરોનાને લઈને નવલી નવરાત્રીમાં કોરોનાનું ગ્રહણ લાગ્યું છે ત્યારે સરકાર દ્વારા પણ કોરોનાને લઈને વિવિધ માઈ મંડળોને નવરાત્રીના યોજવા સુચનાઓ આપી છે ત્યારે માત્ર શેરીઓમાં સોસાયટીઓમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં માસ્ક અને સોશિયલ ડીસન્ટન સાથે ગરબા રસિકો ગરબે ધુમતા જોવા મળ્યાં હતાં.

આ વર્ષે કોરોનાને લઈને દરેક તહેવારોમાં ફિકાસ જોવા મળી છે તો બીજી બાજુ નવલા નોરતામાં પણ કોરોનાનું ગ્રહણ લાગતા આ વર્ષે વિવિધ માઈ મંડળો દ્વારા નવરાત્રી મોકુફ રાખી છે તો શેરીઓ મહોલ્લાઓ તથા સોસાયટીઓમાં માત્ર આરતી સાથે પાંચ ગરબા ગાયને માત્ર અડધો કલાકમાં સમેટી લેવામાં આવે છે ત્યારે આ વરસે કોરોનાના ગ્રહણ વચ્ચે પણ જે સમય મળે તે સમયમાં ગરબા રસિકો ગરબે ધુમવવાનુ છોડવા માગતા નથી ત્યારે પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટીમાં પણ માની આરતી બાદ માથે ગરબા લઈને ગરબા રસિક મહિલાઓ અને બાળકો સોસાયટીમાં સોશિયલ ડીસન્ટન તથા માસ્ક પહેરીને ગરબે ધુમતા જોવા મળ્યા હતાં અને ગરબાની રમઝટ

બોલાવી હતી.

પ્રાંતિજ પાડાની પોળ ખાતે પણ ટેપ રેકોર્ડરના ગરબાના સંગીત સાથે પાડાની પોળમાં મહિલાઓએ પણ માત્ર ગરબે ગુમવાને લઈને સોશીયલ ડીસન્ટન સાથે ગરબે ધુમતા નજરે પાડયા હતા ત્યારે અહીં આ પોળમાં હિન્દુ મુસ્લિમ બન્ને સમાજના લોકો રહે છે અને બન્ને સમાજના લોકોમા ભાઈચારો જોવા મળે છે તો હિન્દુ સમાજની મહિલાઓ ગરબે ધુમતી હોય છે ત્યારે મુસ્લિમ સમાજની મહિલાઓ પણ ચોકમાં આવીને બેસીને ગરબા નિહાળતા હોય છે અને એક બીજાના ધર્મને માન આપતા હોય છે.

ડુંગળીનાં ભાવ હવે ૧૦૦ રૂપિયાને પાર પહોંચી શકે છે

નાસિકમાં આવેલી સૌથી મોટા ડુંગરી બજારમાં ડુંગળીનો બજાર ભાવ ૬૮૦૨ રૂપિયે પ્રતિ ક્વિન્ટલ સુધી પહોંચ્યો

અમદાવાદ,તા.૨૦

દેશના અનેક વિસ્તારમાં પડી રહેલા વરસાદને કારણે આગામી દિવસોમાં ડુંગળી લોકોને રડાવી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, ડુંગળીના ભાવ આટલી જ ગતીથી વધતા રહ્યાં તો દિવાળીમાં ડુંગળી ઘણી જ મોંઘી થઈ જશે. હાલ હોલસેલ બજારમાં ડુંગળી ૪૦થી ૫૦ રૂપિયે કિલો મળે છે. સોમવારે નાસિકમાં આવેલી સૌથી મોટા ડુંગરી બજાર લાસલગાંવમાં ડુંગળીનો બજાર ભાવ ૬૮૦૨ રૂપિયે પ્રતિ ક્વિન્ટલ સુધી પહોંચી ગયો હતો.

આ વર્ષનાં આ ભાવ સૌથી વધુ હતા. વેપારીઓનું કહેવું છે કે, થોડા દિવસોમાં રિટેલ માર્કેટમાં ડુંગળીનાં ભાવ ૧૦૦ રૂપિયાને પાર પહોંચી શકે છે. દેશની સૌથી મોટા ડુંગળી બજાર મહારાષ્ટ્રનાં લાલલગાંવમાં સોમવારે સારી ડુંગળીનો બજાર ભાવ ૬ હજાર ૮૦૨ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ સુધી પહોંચી ગયો હતો. છેલ્લા થોડા દિવસોથી મહારાષ્ટ્રમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે ડુંગળીનો પાકને ઘણું જ નુકસાન થઈ રહ્યું છે. જેના કારણે ડુંગળીનાં ભાવ આસમાને પહોંચી ગયા છે.

વેપારીઓનું કહેવું છે કે, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને કર્ણાટકમાં પાકને ઘણું જ નુકસાન થયુ છે. એટલે વેપારીઓએ પણ જમાખોરી રૂ કરી દીધી છે. નવો પાક ફેબ્રુઆરીમાં આવશે, ત્યાં સુધી ડુંગળીની કિંમતમાં કોઇ ઘટાડાના સંકેત નથી. દેશમાં નવરાત્રી શરૂ થતા જ બટાકાનાં ભાવમાં ઘણો જ વધારો જોવા મળે છે.

નવરાત્રી દરમિયાન સામાન્ય માણસ ફળાહારમાં બટાકાનો વધુ ઉપયોગ કરે છે. દિલ્હી-એનસીઆર સહિત દેશનાં કેટલાક ભાગોમાં બટાકાનો ભાવ ૬૦ રૂપિયાને પાર થયો છે. કોરોના મહામારી વચ્ચે નવરાત્રી પૂજા શરૂ થવાની સાથે બટાકા અન ડુંગળીનાં ભાવ વધતા લોકોનાં ખિસ્સામાં ફરક પડી રહ્યો છે.

આજનું પંચાંગ

ઉદિત તિથિ	શુક્લ પક્ષ પંચમી સવારે ૯:૦૭ સુધી ત્યાર બાદ ષષ્ઠી
વાર	બુધ
નક્ષત્ર	મૂળ ૧:૧૩ સુધી ત્યાર બાદ પૂર્વાશાઢા
કરણ	બાલવ ૯:૦૭ સુધી, ત્યાર બાદ કૌલવ રાત્રે ૮:૧૭ સુધી, ત્યાર બાદ તૈતિલ
યોગ	સવારે ૬:૫૦ સુધી શોભન, ત્યાર બાદ અતિગંડ ૨૨ તારીખની સવારે ૪:૨૫ સુધી, પછી સુકર્મણ
જન્મેલા બાળકોની રાશિ	ધન
રાશિના અક્ષરો	ભ. ફ. ધ. ઢ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજનો દિવસ નવું વિચારવાનો અને તે ઉપર અમલ કરવાનો છે. કામ અડધે પહોંચે એટલે કંટાળીને છોડી ન દેશો. જે કોઈ પણ કામ કરો તેમાં રસ જાળવી રાખજો. ભાગ્ય સાથ આપશે પણ જે વ્યક્તિઓ આપના ભાગ્યને ઉજાગર કરે છે, આપને સહાયભૂત થાય છે, તે લોકોને આપ પણ મદદરૂપ થજો. આખું બ્રહ્માંડ 'ગિવ અને ટેઈકલ્લના નિયમ પર ચાલે છે. કોઈ પાસેથી કશુંક લો છો, તો તેને કશુંક આપો.

વૃષભ : આજે આપની જવાબદારી હોય તેવાં દૈનિક કાર્યો ઉપરાંત, આપ વિવિધ વિષયોમાં રુચિ કેળવશો. તર્કથી ન સમજાય તેવી શક્તિઓ, તેવી બાબતો અને તેવી વિદ્યાઓની સરાહના કરી શકશો. આમ આપ પોતાના ફેમિલી મેમ્બર્સની ચિંતામાં છો. આર્થિક બાબતો પણ સતાવે છે. ધીરે ધીરે બધું થઈ જશે. આર્થિક આયોજન કરતાં શીખો. અન્ય રાશિઓના પ્રમાણમાં આપને ફાઈનાન્શિયલ પ્લાનિંગ સહજ છે.

મિથુન : આજે લોકસંપર્ક જેટલો વધારશો તેટલો આપને ફાયદો થશે. આપને વિવિધ સૂત્રો દ્વારા વિવિધ માહિતીઓ મળશે જે આપના કામમાં મદદરૂપ થશે. તદુપરાંત, આજે ગોસીપ કરી શકાય એવા વિષયો પણ મળશે. જે માહિતીને અન્ય લોકો ગણકારતાં નથી, તેનો સાચો ઉપયોગ આપ કરી શકશો. જો આજે સોશિયલ મીડિયા ઉપર સક્રિય રહેશો તો ઝડપથી નામના મળશે. આજનો દિવસ સંબંધો વિકસાવવા માટે અને સંબંધોનો ફાયદો લેવા માટે ઉત્તમ છે.

કર્ક : કોઈ પણ એવું કાર્ય જેનાં બદલામાં આપ કશું જ નથી લેતાં, તેને સેવા જ કહેવાય. આજે એક કરતાં વધુ એવી તકો ઉભી થશે કે જેમાં આપ સેવા કરો. આપ સ્વાર્થી પણ થઈ શકો અને સેવા કરવાનું ટાળી શકો પણ આજે કરેલો પરમાર્થ, પુણ્યમાં પરિણમશે. લોન માટે એપ્લાય કરવું હોય તો આજનો દિવસ શુભ છે. તબિયત મધ્યમ રહેશે.

સિંહ : આજે સિંહ પૂરવાર કરશે કે એ રાજા છે. અર્થાત, આજના દિવસે અન્ય લોકો આપની સત્તા, આપનું ઐશ્વર્ય અને આપની આજ્ઞા – સ્વીકારશે. અવગણના આપ આમ પણ સહન નથી કરી શકતાં, પણ આજે તો આપની ગણના કાર્યસ્થળ પર મહત્વના વ્યક્તિઓમાં થશે. બીજા લોકો આપની સૂચનાઓનું પાલન કરશે. ખેલ-કુદ સાથે સંકળાયેલા લોકો માટે બહુ જ સારો દિવસ. આજે કોઈ નવી વસ્તુ શીખવા મળશે પણ શીખવા માટે માનસિક રીતે વિદ્યાર્થી થવું બહુ જ જરૂરી છે.

કન્યા : ઘર પરિવારને લગતાં કાર્યો પ્રત્યે ધ્યાન વધારે ખેંચાશે. ઓફિસનું કામ ઓફીસના કલાકોમાં અને બાકીના સમયમાં પારિવારિક બાબતોને પ્રાધાન્ય આપશો. આપ ઈચ્છો છો કે આયોજનપૂર્વક બધું જ થાય પણ આયોજન કરવા માટે બીજા લોકોના સપોર્ટની પણ જરૂર પડશે જ. કોઈની પણ આલોચના કર્યા વગર તેમની પાસે કામ લેશો, તો સારી રીતે બધાં કામો પતશે. યાદ રાખો, વખાણ 'ડોપામાઈન ઈફેક્ટલ્લ છે. લોકોને વખાણો અને તેમની પાસે કામ કરાવો.

તુલા : મિત્રો અને કઝીન્સ આજે આપને મદદરૂપ થઈ શકે છે. આપ કોની મદદ ઈચ્છો કે ન ઈચ્છો, આજે મદદ હાજર હશે. આજે આપ કોઈ ટૂંકા ગાળાના ટાર્ગેટને પહોંચી વળવા કોશિશ કરશો. જે લોકો નોકરી કરે છે તેમને માટે આજનો દિવસ માધ્યમ અને ઓછો ચેલેન્જીંગ છે. ધંધો કરતાં હોય તે લોકો માટે આજનો દિવસ નવી તકો લઈને આવશે. તક ઝડપતાં શીખજો.

વૃશ્ચિક : આજે પૈસા કમાવાનો દિવસ છે, નાણાવટી (શરાફ) બનવાનો નહીં. જ્યાં જ્યાં ઉઘરાણી બાકી છે ત્યાં સંપર્ક કરો. જો નોકરી કરતાં હોવ તો આજે નવું આર્થિક આયોજન કરો. બચત વિષે વિચારો. આજે કોને પૈસા ઉધાર આપશો તો રિકવર કરવામાં – એટલે કે ઉઘરાણીમાં બહુ જ મહિનાઓ લાગશે. એના કરતાં, બેસ્ટ એ છે કે આપ રોકાણ કરો. આજે પરિવારના સભ્યો અને તેમની જરૂરિયાતો પરત્વે ધ્યાન વધારે ખેંચાશે.

ધન : આજે બીજાઓને સલાહ આપશો તો તેમને લાભ થશે. અને આપને શું મળશે? 'સંતોષલ્લ. મિત્રો, સંતોષ પામવો એ અઘરી બાબત છે. આજે આપ નવા આયોજનો કરશો, નવી યોજનાઓ બનાવશો. આજે નવું જ્ઞાન મેળવશો જે આપને પોતાના કામમાં ઉપયોગી થાય. નવાં કપડાં ખરીદવા માટે અને જાત પ્રત્યે ધ્યાન આપવા માટે સારો દિવસ છે. જો ઘણાં વખતથી સલુનમાં ન ગયાં હોવ, તો જઈ આવો. આજના ગ્રહો આપને વધુ આકર્ષક બનાવશે.

મકર : આપ કોઈક ગડમથલમાં છો. મોટા ભાગે એ ગડમથલ આર્થિક અથવા નોકરી ધંધાને લગતી છે. જુઓ, એક બાબત સ્પષ્ટ છે કે આપ મહેનત કરી રહ્યાં છો તો તેનું પરિણામ આજે કે કાલે મળવાનું જ છે. જેટલી વધુ મહેનત તેટલું વધુ વળતર મળવાની શક્યતા. પણ, ધીરજ તો કેળવવી પડશેને? પેલી કહેવત યાદ છે ને? 'ઉતાવળે આંબા ન પાકેલ્લ.

કુંભ : આજનો દિવસ લાભદાયી છે. મિત્રો પર આધારિત રહેવાનો દિવસ અથવા મિત્રથી લાભ થાય તેવો દિવસ. આજે બીજાઓની મદદથી દિવસ પસાર થવાનો હોવાથી, તેમને મહત્વ આપજો. જો નેટવર્કિંગ વધારવું હોય તો આજનો દિવસ ઉત્તમ. વધુ પડતો વ્યવહાર પણ નુકસાન પહોંચાડે એટલે નેટવર્કિંગ માપમાં રાખજો. ફસાયેલા પૈસા મેળવવા માટે આજનો દિવસ સારો છે. બચત ઉપર ધ્યાન આપો.

મીન : આજે આપનું ધ્યાન પોતાના નોકરી ધંધા તરફ વિશેષ રહેશે. આપ ગમે તેટલા ધૂની અને મરજી મુજબ કામ કરવાની ફિલસુફીમાં માનતા હોવ પણ આજે અમુક કાર્યોને અંજામ આપવો જ રહ્યો. આજના દિવસ દરમ્યાન ચોક્કસ એક બાબત પ્રત્યે સભાન બનજો કે કર્મ છે તો આપ છો. કર્મથી જ માણસની ઓળખ છે. બાકી, માત્ર વાતોથી કે ટેલેન્ટ હોવાથી કશું થતું નથી. 'કામ દેખાવું જોઈએલ્લ અને તે માટે મહેનત પણ કરવી પડે.

મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોનાના વધુ ૧૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૪૧ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૬૦ પહોંચ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. જ્યાં મંગળવારે કોરોનાના વધુ ૧૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૪૧એ પહોંચી ગઈ છે. જયારે આજે કોરોનાગ્રસ્ત એક દર્દીનું મોત નિપજતા મૃત્યુઆંક ૬૦ એ પહોંચ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૦૩, ડીસા ૦૭, અમીરગઢ ૦૧, ધાનેરા ૦૩ અને થરાદમાં ૦૧ કેસ નોંધાયા હતા. કુલ ૯૪૬ સેમ્પલમાં ૧૫નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. જયારે આજે ૧ વ્યક્તિનું મોત નિપજતા મૃત્યુઆંક ૬૦ એ પહોંચ્યો છે.

ફરી અડ્ડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બુલડોઝર કામે લગાડયા હતા. દબાણતંત્રની ટીમ પોલસ કાફાલા સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી. જયારે સામાન ગોઠવતા દબાણકર્તાઓને સ્થળ પરથી દુર કરાયા હતા. કેટલાક દબાણકર્તાઓએ તુટેલા કાટમાળ વચ્ચે છાપરા બાંધી સામાન ગોઠવવાનુ પણ શરૂ કરી દીધુ હતુ. આ વિસ્તારમાંથી અંદાજિત ૫૦૦ જેટલા દબાણો દુર કરાયા હતા જયારે આ પૈકી ૧૨૮ જેટલા દબાણકર્તાઓને કોલવડા નજીક સ્થિત આવાસ યોજનામાં સ્થાન અપાયુ છે. પરંતુ અન્ય દબાણકર્તાઓ કોલવડા ગામની સીમ નજીક વસવાટ કરતા સ્થાનિક ગ્રામજનો દ્વારા પણ તેમને દુર થઈ જવા માટે કહી દેવાતા આ ઝુંપડાવાસીઓ છેલ્લા બે દિવસથી પોતાના મુળ સ્થાને આવવા માટે પોતાનો સામાન ટ્રેક્ટર તેમજ છકડાના માધ્યમથી ખસેડતા હોવાની જાણ તંત્રને થઈ હતી જેના લીધે આજે સ્થળ પર તપાસ કરી તંત્રએ આ ઝુંપડાવાસીઓને અન્ય ઠેકાણે જતા રહેવા માટે સુચના આપી હતી. જયારે તેમના છાપરા પણ દુર કરી દેવાયા હતા. અંદાજિત ૨૦૦ જેટલા દબાણકર્તાઓ સામાન સાથે મુળ જગ્યાએથી ખસેડવામાં આવ્યા છે. આ તબક્કે જે ઝુંપડાવાસીઓને કોલવડાની યોજનામાં આવાસ મળ્યુ નથી તેમણે પણ રોષ વ્યકત કર્યો હતો. કોરોનાના કપરા કાળમાં ઝુંપડાવાસીઓએ કયાં વસવાટ કરવો તે અંગે પણ અનેક સવાલો સાથે પ્રબળ આક્રોશ પણ શ્રમિકોએ વ્યકત કર્યો હતો.

૧૭૦૦ થઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૬ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૬ માંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આઈ હોસ્પિટલ અમદાવાદમાં ફરજ બજાવતી ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર કોર્ટમાં એડવોકેટ તરીકે કામ કરતા અને સે. ૧૨માં રહેતા ૪૫ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૩ માં રહેતા અને ખાનગી શાળામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધી રહી છે. શહેરમાં આજે પણ ૧૩૫ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.

નરેશ કનોડિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર દ્વારા વારંવાર ગુગલ પર મીટીંગો કરી અને સૂચનાઓ તંત્રને આપવામાં આવી રહી છે. જો કે સરકાર અને સ્થાનિક તંત્રના આંકડાઓમાં સતત તફાવત જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત એન્ટીજન ટેસ્ટમાં મળેલા કેસો અંગે મૌન સેવવામાં આવી રહ્યું છે.

દિવાળી વેકેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અલબત શાળા કક્ષાએથી પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવતુ નથી કોરોના લીધે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. આ સંજોગો વચ્ચે આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને દિવાળી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુકત નિયામક બી એન રાજગોરના જણાવ્યા મુજબ શાળાઓમાં વેકેશનલ સ્ટાફ માટે દિવાળી વેકેશનને મંજુરી આપવામાં આવી છે. જે મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં તા ૨૯ ઓકટોબરથી ૧૮ નવેમ્બર સુધી અલબત્ત ૨૧ દિવસનુ દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે. જયારે શાળાઓમાં સત્રના અંતે લેવાનારી પરીક્ષા અંગે પણ આગામી દિવસોમાં જાણ કરવામા આવશે.

૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને એક ગૃહીણીના કેસનો સમાવેશ થાય છે. ૪૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૪૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. રાંદેસણ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૫૨ વર્ષીય પુરૂષ અને ૧૪ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. સુઘડ ગામેથી ૫૦ વર્ષીય ગ્રીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ઝુંડાલ ગામેથી પણ ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બીએસએફ આલમપુરમાંથી આજે ૩૬ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. પેથાપુર ગામેથી ૩૧ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. ખોરજ ગામેથી ૬૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કલોલ તાલુકામાંથી આજે પાંચ કેસ નોંધાયા છે અને પાંચેય કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા છે. તાલુકાના ધાનોટ ગામેથી કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં ૧ મહિલા દર્દી અને ૪ પુરૂષ દર્દીઓનો સમાવેશ થાય છે. રામનગર ગામેથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ધાનોટ ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ખાનગી નોકરી કરતા ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ધાનોટમાંથી જ ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સઈજ ગામેથી ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાતંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરી જણાવ્યુ છે કે આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ કરાયા છે. આ સાથે જિલ્લામાં ૨૧૯૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૫૩ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ઢીલ નહીં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છો. સમય સાથે આર્થિક પ્રવૃત્તિઓ પણ ઝડપથી વધી રહી છે. આપણામાંના મોટા ભાગના લોકો આપણી જવાબદારીઓ નિભાવવા, જીવનને ફરીથી ગતિ આપવા માટે દરરોજ ઘરની બહાર નીકળી રહ્યા છે. તહેવારોની આ સીઝન ધીરે ધીરે બજારોમાં પણ ફરી રહી છે. પીએમ મોદીનું કહેવુ છે કે, આ સમય લાપરવાહીનો નથી. આ સમય એવું માની લેવાનો નથી કે કોરોના ચાલ્યો ગયો. અથવા પછી હવે કોરોનાથી કોઈ ભય નથી. હાલના દિવસોમાં આપણે બધાએ ખૂબજ ફોટાઓ અને વિડિયો જોયા છે. તેમાં જોવા મળે છે. જેની અસાવધાની રાખી છે. આ બરાબર નથી. જો તમે લાપરવાહ વર્તી રહ્યા છો. માસ્ક વિના ફરી રહ્યા છો તો તમે તમારી જાતને, પરિવારને, બાળકોને વૃદ્ધોને એટલા જમોટા સંકટમાં નાંખી રહ્યા છો.

નિયંત્રણ મેળવવામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાત કરવામાં આવે તો ૧૪ દિવસના ડેટા મુજબ યુપી અને બિહારમાં કોરોનાના સૌથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ડેટા મુજબ ગુજરાત, પંજાબ, તેલંગાણા અને હરિયાણા સંક્રમણ પર નિયંત્રણ મેળવી રહ્યા છે.

મહારાષ્ટ્ર અને કેરળ જેવા હોટસ્પોટ્સ કરતા આ રાજ્યો સ્ક્રીનિંગ પણ વધારે કરી રહ્યા છે. મતલબ કે વધતા જતા પરીક્ષણનાં સ્તરને કારણે વધુ કેસો આવશે, પરંતુ જો લાંબા ગાળે જોઈશું તો કાળજીપૂર્વક કોન્ટેક્ટ ટ્રેસિંગ અને કન્ટેનમેન્ટમાં સંક્રમણને મોટા પ્રમાણમાં નિયંત્રિત કરી શકાય છે. ૧૪ દિવસના ડેટા પર નજર કરીએ તો બિહારમાં દિલ્હી કરતા લગભગ બમણા ટેસ્ટ થઈ રહ્યા છે. દેશમાં સૌથી વધુ ટેસ્ટ ઉત્તર પ્રદેશમાં થઈ રહ્યા છે. યુપી મહારાષ્ટ્ર કરતા દરરોજ બમણા ટેસ્ટ કરે છે. છેલ્લા બે અઠવાડિયામાં ઉત્તર પ્રદેશના વહીવટીતંત્રે ૨૧ લાખ ટેસ્ટ રેકોર્ડ કર્યા છે જ્યારે બિહારમાં લગભગ ૧૪ લાખ ટેસ્ટ થયા છે.

વેક્સિનેશન થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વૈશ્વિક સ્વાસ્થ્ય સેવાઓના કેન્દ્રમાં હશે અને ઈચ્છીએ છીએ કે તે બીજા દેશોની મદદ કરે. તેઓએ યાદ અપાવ્યું કે વૈશ્વિક વેક્સીનેશન કાર્યક્રમોમાં ઉપયોગમાં લેનારી વેક્સીનનું ૬૦ ટકા ઉત્પાદન ભારતમાં થવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત પહેલાથી જ એક વેલ એસ્ટાબ્લિસ્ડ વેક્સીન ડિલિવરી સિસ્ટમ પર કામ કરી રહ્યું છે અને ડિજિટલ હેલ્થ આઈડીની સાથે આ ડિજિટલ નેટવર્કનો ઉપયોગ અમારા નાગરિકોના વેક્સીનેશનને સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતના આકાર અને વિવિધતાએ હંમેશા વૈશ્વિક સમુદાયને ઉત્સુક કર્યા છે. અમારો દેશ સંયુક્ત રાજ્ય અમેરિકાની વસ્તીના આકારનો લગભગ ચાર ગણો છે. અમારે અનેક રાજ્ય યૂરોપના અનેદક દેશોની બરાબર છે. ભારતમાં કોવિડ-૧૯ મૃત્યુ દર બહુ ઓછો છે. આજે અમે પ્રતિ દિવસ મામલાની સંખ્યા અને મામલાના વૃદ્ધિ દરમાં ઘટાડો જોઈ રહ્યા છીએ. ભારતમાં ૮૮ ટકાનો હાઈએસ્ટ રિકવરી રેટ છે. એવું એટલા માટે કારણ કે ભારતમાં જ્યારે ખૂબ જ ઓછા કેસ હતા ત્યારે ફલેક્સીબલ લૉકડાઉનને અપનાવનારો પહેલા દેશ પૈકી ભારત એક હતો. ભારત માસ્કના ઉપયોગને પ્રોત્સાહીત કરનારા પહેલા દેશોમાં હતો. ભારતે કોન્ટેક્ટ ટ્રેસિંગ પર કામ કર્યું. ગત સ્વતંત્રતા દિવસના પોતાના ભાષણમાં વડાપ્રધાને ડિજિટલ કાર્ડનો ઉલ્લેખ કર્યો હતો.

માહિતી ફરજિયાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે પણ સુરક્ષા મંજૂરી લેવી ફરજીયાત બનશે, જેમાં મોબાઈલ ઉપકરણો અને લેપટોપની સપ્લાયથી લઈને કેટલાક ખાસ ઉપકરણોને પૂરા પાડવા અને દેશભરમાં રસ્તાઓ અને ટનલ બનાવવા માટેના કોન્ટ્રાક્ટનો સમાવેશ થઈ શકે છે. આ પગલાની અસર ફક્ત ચીનના લાઈટ અને પાવર સેક્ટરની કંપનીને જ નહીં કે જે દેશમાં પાવર પ્રોજેક્ટ્સ અને રોડ કન્સ્ટ્રક્શન કરે છે, પણ શાઓમી અને ઓપ્પો જેવી કંપનીઓને પણ થશે. જે ભારતમાં સ્માર્ટફોન સપ્લાય કરવાના કરાર માટે ટેન્ડરમાં ભાગ લે છે. આ ઉપરાંત ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અને પર જેવા બિઝનેસમાં હુવેઈ અને ઝેડટીઈ જેવી કંપનીનો પ્રવેશ પણ સુરક્ષા મંજૂરી પર નિર્ભર કરશે. ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન(ડીપીઆઈઆઈટી) માટેના મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ ૧૪ પેજના ઓફિસ મેમેરેન્ડ લદ્દાખમાં ચીન દ્વારા સરહદ તણાવ વધારવામાં આવ્યા બાદ ચીનની કંપનીઓની તપાસ કરવાના સરકારના નિર્ણયનું પાલન કરતું દેખાય છે.

કંપનીઓ દ્વારા સબમિટ કરવામાં આવેલા ડેટાના આધારે, મુખ્ય સિક્યુરિટી અને ડીપીઆઈઆઈટી અધિકારીઓની બનેલી પેનલ દેશના આકર્ષક પબ્લિક સેક્ટર બિઝનેસમાં આ કંપનીઓના પ્રવેશને મંજૂરી આપશે. એફડીઆઈથી વિપરીત, જ્યાં નિયમો અંગે પર હજુ ચર્ચા ચાલી રહી છે, સરકારી કોન્ટ્રાક્ટ કિસ્સામાં કેન્દ્રએ ચાઈનીઝ કંપનીના "ઓનરશિપ" છે કે નહીં તે નક્કી કરવા માટે ૧૦% થ્રેશોલ્ડ નક્કી કરવાનો નિર્ણય લીધો છે.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ

બ્લોક નં. ૧૮, ૮મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

જાહેરાત

અત્રેની કચેરીના નવમાં માળ ખાતે એકઠા થયેલ કચેરીના બીનજરૂરી ડૉક્યુમેન્ટ્સ, ચોપડીઓ તથા પસ્તીનો નિકાલ કરવાનો થાય છે. અને તે માટે ભાવ મંગાવવામાં આવે છે. રસ ધરાવતી વ્યક્તિઓએ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૬માં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમિયાન સાંજના ૫-૦૦ કલાક સુધી મોકલી આપવાના રહેશે. આ વેસ્ટેજ જોવા માટે કચેરી ખાતે ઉપરોક્ત જણાવેલ દિવસો દરમિયાન બપોરે ૧-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો. કોઈ પણ ભાવો સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

: ખાસ નોંધ :

ઉપરોક્ત વેસ્ટેજમાં મુખ્યત્વે કચેરીના ડૉક્યુમેન્ટ્સ તથા બુકનો સમાવેશ થતો હોઈ આ તમામ ડોક્યુમેન્ટ્સને જેતે લેનાર સંસ્થા દ્વારા તરત જ ડીસ્ટ્રોય કરવાના રહેશે અને જેની જાણ કચેરી ખાતે લેખિતમાં કરવાની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
જી.આઈ.ડી.બી.